**પ્રથમ ટેસ્ટ બીજો દિવસ : ન્યૂઝીલેન્ડ 368, નિકોલ્સ 175*, ફિલિપ્સ 118, બુમરાહ 4/92, આકાશ દીપ 3/53, ભારત 159/1, જયસ્વાલ 85, રાહુલ 52***

# પ્રથમ ટેસ્ટ : જયસ્વાલ-રાહુલના જોરે ભારતનો વળતો પ્રહાર

**જયસ્વાલના** આક્રમક 85 રન અને રાહુલ સાથે શતકીય ભાગીદારીથી ભારતનો સ્કોર એક વિકેટે 159 રન

**બુમરાહની** આગેવાનીમાં ભારતીય બોલરોની ઉમદા બોલિંગથી ન્યૂઝીલેન્ડ પ્રથમ દાવમાં 368 રને ઓલઆઉટ

વેલિંગ્ટન, તા. 20 (પીટીઆઈ) : ન્યૂઝીલેન્ડ સામે અહીં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટના આજે શુક્રવારે બીજા દિવસે યજમાન ટીમનો પ્રથમ દાવ 368 રને સમેટાયા પછી યશસ્વી જયસ્વાલના 89 બોલમાં આક્રમક 85 રન અને કેએલ રાહુલ સાથેની તેની શતકીય ભાગીદારીની મદદથી ભારતે વળતો પ્રહાર કરીને દિવસના અંતે 1 વિકેટે 159 રન બનાવી મજબૂત શરૂઆત કરી છે. સ્ટમ્પ સમયે રાહુલ 52 અને દેવદત્ત પડિકલ 16 રને ક્રિઝ પર હતા.



બેટિંગ માટે અનુકૂળ જણાતી પીચ પર જયસ્વાલ અને રાહુલે પ્રથમ ચાર ઓવરમાં એક પણ રન બનાવ્યો ન હતો, પરંતુ લંચ બાદ બંનેએ કિવી બોલરોની ધોલાઈ કરી પ્રથમ વિકેટ માટે 130 રનની ભાગીદારી નોંધાવી હતી. જયસ્વાલે પોતાની ઈનિંગમાં 16 ચોગ્ગા ફટકાર્યા હતા, પરંતુ સદી તરફ આગળ વધી રહેલા જયસ્વાલને મેટ હેનરીએ વિકેટકીપર ટોમ બ્લન્ડેલના હાથે ઝીલાવી આઉટ કર્યો હતો. રાહુલે તે પછી પોતાની અર્ધસદી પુરી કરી હતી અને તે દિવસના અંત સુધી ક્રિઝ પર રહ્યો હતો. જયસ્વાલ અને રાહુલની શતકીય ભાગીદારી 1994માં હેમિલ્ટન ખાતે નવજોત સિદ્ધુ અને નયન મોંગિયાની 102 રનની ભાગીદારી બાદ ન્યૂઝીલેન્ડમાં ભારતની સદીની પ્રથમ ઓપનિંગ ભાગીદારી બની છે.

અગાઉ યજમાન ન્યૂઝીલેન્ડે ગઈકાલના પાંચ વિકેટે 243 રનથી દાવ આગળ ધપાવ્યા પછી હેનરી નિકોલ્સના નોટઆઉટ 175 અને ગ્લેન ફિલિપ્સના 118 રનની મદદથી પ્રથમ દાવમાં 368 રનનો મજબૂત સ્કોર નોંધાવ્યો હતો. ગઈકાલે સવારના સત્રમાં 5 વિકેટે 70 રનની કફોડી સ્થિતિમાંથી યજમાન ટીમને નિકોલ્સ અને ફિલિપ્સે છઠ્ઠી વિકેટની 216 રનની ભાગીદારીની મદદથી બહાર કાઢી હતી. ભારત તરફથી જસપ્રીત બુમરાહે ચાર અને આકાશ દીપે ત્રણ, જ્યારે અંશુલ કંબોજે બે અને પ્રસિદ્ધ કૃષ્ણાએ એક વિકેટ લીધી હતી.

**ન્યૂઝીલેન્ડ પ્રથમ દાવ**

| | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| લાથમ બો.બુમરાહ | 0 | 2 | 0 | 0 |
| કોનવે કો.પંત બો.કંબોજ | 4 | 13 | 0 | 0 |
| નિકોલ્સ નોટઆઉટ | 175 | 335 | 21 | 0 |
| રચિન કો.પંત બો.આકાશ દીપ | 15 | 50 | 2 | 0 |
| મિચેલ કો.જયસ્વાલ બો.બુમરાહ | 1 | 8 | 0 | 0 |
| બ્લંડેલ કો.ગીલ બો.બુમરાહ | 5 | 22 | 0 | 0 |
| ફિલિપ્સ બો.આકાશ દીપ | 118 | 216 | 14 | 0 |
| સ્મિથ LB બો.પ્રસિદ્ધ | 14 | 44 | 2 | 0 |
| જેમિસન કો.રાહુલ બો.આકાશ દીપ | 11 | 21 | 1 | 0 |
| હેનરી LB બો.બુમરાહ | 1 | 9 | 0 | 0 |
| ડફી કો.પંત બો.કંબોજ | 4 | 12 | 0 | 0 |
| વધારાના | 20 | | | |
| કુલ (121 ઓવરમાં ઓલઆઉટ) | 368 | | | |

**વિકેટ પતન :** 1-2, 2-12, 3-51, 4-52, 5-70, 6-286, 7-318, 8-343, 9-348, 10-368

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જસપ્રીત બુમરાહ | 29 | 8 | 92 | 4 |
| અંશુલ કંબોજ | 23 | 5 | 69 | 2 |
| આકાશ દીપ | 23 | 7 | 53 | 3 |
| પ્રસિદ્ધ કૃષ્ણા | 26 | 2 | 100 | 1 |
| વોશિંગ્ટન સુંદર | 20 | 2 | 45 | 0 |

**ભારત પ્રથમ દાવ**

| | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જયસ્વાલ કો.બ્લંડેલ બો.હેનરી | 85 | 89 | 16 | 0 |
| રાહુલ રમતમાં | 52 | 116 | 5 | 0 |
| પડીકલ રમતમાં | 16 | 35 | 3 | 0 |
| વધારાના | 6 | | | |
| કુલ (39 ઓવરમાં એક વિકેટે) | 159 | | | |

**વિકેટપતન :** 1-130

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મેટ હેનરી | 12 | 3 | 43 | 1 |
| કાઇલ જેમિસન | 11 | 5 | 15 | 0 |
| જેકબ ડફી | 10 | 0 | 72 | 0 |
| નાથન સ્મિથ | 6 | 0 | 29 | 0 |

## રાહુલ સેના દેશોમાં 50 તેથી વધુ રન બનાવનારો પહેલો ભારતીય અને છઠ્ઠો એશિયન ઓપનર

વેલિંગ્ટનમાં 52 રનની ઇનિંગ સાથે, કેએલ રાહુલ દક્ષિણ આફ્રિકા, ઇંગ્લેન્ડ, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા એમ ચારેય સેના દેશો સામે ઓપનિંગ બેટ્સમેન તરીકે ઓછામાં ઓછી એક અડધી સદી ફટકારનાર પ્રથમ ભારતીય બેટ્સમેન બનીને એશિયન ઓપનરોની ચુનંદા ક્લબમાં જોડાયો છે. તેના પહેલા આ યાદીમાં એક પણ ભારતીય વગર ફક્ત પાંચ એશિયન બેટ્સમેનનો સમાવેશ થતો હતો. આ બેટ્સમેનોમાં પાકિસ્તાનનો સઈદ અનવર, ઇમરાન ફરહત, શ્રીલંકાનો સનથ જયસૂર્યા, માર્વન અટાપટ્ટુ અને દિમુથ કરુણારત્ને સામેલ હતા અને હવે કેએલ રાહુલનો રૂપમાં પહેલો ભારતીય તેમાં સામેલ થયો છે.

## 32 વર્ષ બાદ ન્યૂઝીલેન્ડમાં ભારત વતી સદીની ઓપનિંગ ભાગીદારી નોંધાઇ, બીજી સર્વાધિક ભાગીદારી બની

વેલિંગ્ટનમાં ગુરુવારથી શરૂ થયેલી પ્રથમ ટેસ્ટમાં આજે શુક્રવારે ભારતની ઇનિંગ દરમિયાન યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલે પ્રથમ વિકેટ માટે 130 રનની ભાગીદારી કરી હતી, જે 32 વર્ષ પછી ન્યૂઝીલેન્ડની ધરતી પર ભારત વતી નોંધાયેલી પ્રથમ ઓપનીંગ ભાગીદારી બની હતી. આ પહેલા. 1994માં હેમિલ્ટન ખાતે નવજોત સિદ્ધુ અને નયન મોંગિયાએ 102 રન બનાવ્યા હતા. જયસ્વાલ અને રાહુલ વચ્ચેની આ ભાગીદારી ન્યૂઝીલેન્ડમાં ભારતની બીજી સૌથી મોટી ઓપનિંગ ભાગીદારી બની હતી. ન્યુઝીલેન્ડમાં ભારતીય ઓપનીંગ જોડી દ્વારા સૌથી વધુ 149 રનની ભાગીદારી મનોજ પ્રભાકર અને ડબલ્યુવી રમનના નામે છે જે તેમણે 1990માં ઓકલેન્ડ ટેસ્ટના ચોથા દાવમાં નોંધાવી હતી.



**ન્યૂઝીલેન્ડમાં ભારત વતી સર્વાધિક રનની ઓપનીંગ ભાગીદારી**

| ઓપનીંગ જોડી | સ્થળ | ઇનિંગ | રન | વર્ષ |
|---|---|---|---|---|
| મનોજ પ્રભાકર-ડબલ્યુવી રમન | ઓકલેન્ડ | 4 | 149* | 1990 |
| યશસ્વી જયસ્વાલ-કેએલ રાહુલ | વેલિંગ્ટન | 2 | 130 | 2026 |
| ચેતન ચૌહાણ-સુનિલ ગાવસ્કર | ક્રાઇસ્ટચર્ચ | 1 | 114 | 1981 |
| નયન મોંગિયા-નવજોત સિદ્ધુ | હેમિલ્ટન | 4 | 102 | 1994 |

**જયસ્વાલ-રાહુલ 10 વર્ષ પછી ન્યૂઝીલેન્ડમાં 50+ રન કરનારા બીજા વિદેશી ઓપનર બન્યા**

રાહુલ અને જયસ્વાલે વધુ એક ખાસ રેકોર્ડ બનાવ્યો. 10 વર્ષના લાંબા ગાળા પછી આ પહેલી વાર હતું જ્યારે બે વિદેશી ઓપનરોએ ન્યૂઝીલેન્ડની ધરતી પર ટેસ્ટ ઇનિંગ્સમાં 50થી વધુ રન બનાવ્યા હતા. આ પહેલા, 2016 માં, પાકિસ્તાનના ઓપનર સામી અસલમ અને અઝહર અલીએ હેમિલ્ટન ટેસ્ટમાં આ સિદ્ધિ મેળવી હતી. સામી અસલમે 91 અને અઝહર અલીએ 58 રન બનાવ્યા હતા.

# બ્લાઇન્ડ એશિયા કપની રદ ફાઇનલમાં પાકિસ્તાનને વિજેતા જાહેર કરાતા ભારતનો વિરોધ

**વરસાદને** કારણે ફાઇનલ રદ થઇ છતાં વર્લ્ડ બ્લાઇન્ડ ક્રિકેટના પ્રમુખ પાકિસ્તાની સુલતાન શાહે પાકિસ્તાનને વિજેતા જાહેર કર્યું

**ભારતીય** બ્લાઇન્ડ ક્રિકેટ ટીમે સમારોહનો બહિષ્કાર કરી પાકિસ્તાન સામેની ભવિષ્યની મેચોનો બહિષ્કાર કરવાની ધમકી આપી

ઢાકા, તા. 20 : બ્લાઇન્ડ એશિયા કપ ક્રિકેટની આજે શુક્રવારે અહીં રમાનારી ફાઇનલ વરસાદને કારણે રદ થયા પછી બંને ટીમને સંયુક્ત વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જો કે તે પછી વર્લ્ડ બ્લાઇન્ડ ક્રિકેટના પ્રમુખ અને પાકિસ્તાન બ્લાઇન્ડ ક્રિકેટ કાઉન્સિલના વડા સુલતાન શાહે પાકિસ્તાનને વિજેતા જાહેર કર્યું. અને તેના પરિણામે મેચ રેફરીએ પણ દબાણમાં આ જ નિર્ણય લેવો પડ્યો. પાકિસ્તાનને વિજેતા જાહેર કરવા બાબતે શ્રેષ્ઠ રન રેટનું કારણ આગળ ધરાતા વિવાદ સર્જાયો અને ભારતીય ખેલાડીઓ અને અધિકારીઓએ આરોપ લગાવ્યો છે કે નિયમોનું ખોટું અર્થઘટન કરવામાં આવ્યું છે અને ફાઇનલ ટીમોને સંયુક્ત વિજેતા જાહેર કરીને સમાપ્ત થવી જોઈતી હતી. ક્રિકેટ એસોસિએશન ફોર ધ બ્લાઇન્ડ ઇન ઇન્ડિયા (CABI) ના સેક્રેટરી શૈલેન્દ્રએ જણાવ્યું હતું કે, ભારતની બ્લાઇન્ડ ક્રિકેટ ટીમ ભવિષ્યમાં પાકિસ્તાન સામે રમવાનો ઇનકાર કરશે જ્યાં સુધી વિવાદનો ઉકેલ ન આવે.



જાહેર કરવાના સ્થાને પાકિસ્તાનને વિજેતા જાહેર કરાતાં વિવાદ સર્જાયો છે અને ભારતીય બ્લાઇન્ડ ક્રિકેટ ટીમે ટ્રોફી વિતરણ સમારોહનો બહિષ્કાર કરીને પાકિસ્તાન સામે ભવિષ્યની મેચોનો બહિષ્કાર કરવાની ધમકી આપી છે.

વરસાદને કારણે ફાઇનલ રદ થયા પછી પહેલા પાકિસ્તાન અને ભારતને ટુર્નામેન્ટના સંયુક્ત વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જો કે તે પછી વર્લ્ડ બ્લાઇન્ડ ક્રિકેટના પ્રમુખ

**રાઇઝિંગ સ્ટાર એશિયા કપ**

# ભારત-એ ટીમે નેપાળનો 26 રને વિંટો વાળી 306 રને જીત મેળવી

**કુમાર** કુશાગ્ર અને તિલક વર્માની સદીથી ભારતીય ટીમે 9 વિકેટે 302 રન બનાવ્યા.

**હર્ષિત** રાણા અને પ્રિન્સ યાદવે મળીને નેપાળને માત્ર 26 રનમાં ઓલઆઉટ કરી દીધું

દોહા, તા. 20 : રાઇઝિંગ સ્ટાર્સ એશિયા કપ 2026ની પોતાની પ્રથમ મેચમાં, ભારત-એ ટીમે નેપાળને 306 રનના મોટા માર્જિનથી હરાવીને ટૂર્નામેન્ટની શાનદાર શરૂઆત કરી. આ એકતરફી અને ઐતિહાસિક જીત સાથે, ભારતીય ટીમ પોઈન્ટ ટેબલમાં ટોચના સ્થાને પહોંચી ગઈ છે. મેચમાં, નેપાળે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધા પછી ભારતે શરૂઆતમાં 42 રનામાં વૈભવ સૂર્યવંશી, અભિષેક શર્મા અને આયુષ બદોનીની વિકેટ ગુમાવી દીધી હતી. જો કે તે પછી કેપ્ટન તિલક વર્મા અને વિકેટકીપર-બેટ્સમેન કુમાર કુશાગ્રેએ બાજી સંભાળી, ચોથી વિકેટ માટે 206 રનની જંગી ભાગીદારી નોંધાવતા ભારતીય ટીમે નિર્ધારિત 50 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 332 રન બનાવ્યા હતા. કુશાગ્રએ 117 અને તિલકે 107 રનની ઈનિંગ રમી હતી. 333 રનના વિશાળ લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી નેપાળની ટીમની શરૂઆત ખરાબ રહી હતી અને તેમણે ફક્ત એક રનમાં પોતાની પ્રથમ ચાર વિકેટ ગુમાવી દીધી હતી અને હર્ષિત રાણા તેમજ પ્રિન્સ યાદવની વેધક બોલિંગ સામે તેમની ટીમ ફક્ત 26 રનમાં ઓલઆઉટ થઈ હતી.

# સિરાજની પ્લેઇંગ ઇલેવમાંથી બાદબાકી હવે રાજકીય ઘમાસાણનો મુદ્દો બની

**કોંગ્રેસ** સાંસદ ઇમરાન મસૂદે સિરાજ મુસ્લિમ હોવાથી તેને પ્લેઇંગ ઇલેવનમાંથી બાકાત રખાયો હોવાનો આરોપ મૂક્યો

**કેન્દ્રિય** મંત્રી રિજિજુએ ધર્મના આધારે ભેદભાવની વાત નકારી, ભાજપે રમતનું રાજકારણ કરવા સામે કોંગ્રેસની ટીકા કરી

નવી દિલ્હી : વેલિંગ્ટનમાં બેસિન રિઝર્વ ખાતે ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટ માટે પ્લેઇંગ ઇલેવનમાંથી ઝડપી બોલર મહંમદ સિરાજને બાકાત રાખવાનો મુદ્દો હવે રાજકીય મેદાનમાં પહોંચી ગયો છે. સહારનપુરના કોંગ્રેસના સાંસદ ઇમરાન મસૂદે ભારતીય ટીમમાંથી સિરાજને બાકાત રાખવા અંગે સવાલ ઉઠાવીને



ટીમમાં સ્થાન મેળવવા માટે પૂરતું હોવું જોઈએ. આ નિર્ણય પાછળના હેતુ પર સવાલ ઉઠાવતા, કોંગ્રેસના સાંસદે કહ્યું, તેનું નામ સિરાજ છે, શું તે પૂરતું નથી? જો તે સારું પ્રદર્શન કરી રહ્યો છે અને છતાં પણ તેની પસંદગી થઈ રહી નથી, તો બીજું શું કારણ હોઈ શકે? તે એકમાત્ર કારણ છે, બીજું કોઈ હોઈ શકે નહીં.”

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ આ આરોપને સ્પષ્ટપણે નકારી કાઢીને કહ્યું કે અહીં ધર્મના આધારે કોઈની સાથે ભેદભાવ કે અવગણના કરવામાં આવતી નથી. આપણા દેશમાં, યોગ્યતાના આધારે તકો આપવામાં આવે છે. ધર્મ કે જાતિને તેની સાથે કોઈ લેવાદેવા નથી. દરમિયાન, ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રદીપ ભંડારીએ પણ મસૂદના નિવેદનો માટે કોંગ્રેસ પાર્ટીની ટીકા કરી હતી અને પાર્ટી પર ક્રિકેટમાં વોટબેંકની રાજનીતિ લાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી દરેક જગ્યાએ કોમવાદ ફેલાવે છે, અને ક્રિકેટને પણ છોડતી નથી.

## અનુસંધાન ... પાના પહેલાનું

### ગેંગસ્ટર ગોલ્ડી...

બે હત્યા કેસોમાં પણ પોલીસને તેની તલાશ છે. પંજાબના શ્રી મુક્તસર સાહિબનો વતની બરાર 2017માં સ્ટુડન્ટ વિઝા પર કેનેડા ગયો હતો. અગાઉ અમેરિકાની FBIએ પણ તેની ધરપકડ માટે 1 મિલિયન ડોલરનું ઈનામ જાહેર કર્યું હતું, જ્યારે ભારત સરકારે તેને યુએપીએ હેઠળ ત્રાસવાદી જાહેર કર્યો છે.

### સોનામાં રેનિયમ...

સપ્લાયરો પાસેથી મેળવેલા સોનાની કડક ગુણવત્તા ચકાસણી કરવી જોઈએ અને ગ્રાહક સેવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ. તેમણે ખરીદદારોને ઓછા મેકિંગ ચાર્જની ઓફરોમાં ન ફસાવા અને માત્ર વિશ્વસનીય રિટેલરો પાસેથી જ સોનું ખરીદવાની સલાહ આપી છે. રોકડેએ કહ્યું કે ગ્રાહકોએ બીઆઈએએસ કેર એપ દ્વારા હોલમાર્કની વિગતો પણ ચકાસવી જોઈએ અને જીએસટી ભરેલા બિલનો આગ્રહ રાખવો જોઈએ.

### પાકિસ્તાનના 'ભારત શત્રુ'...

વિદેશ નીતિમાં 'મૂંઝવણમાં' હોય તેવું લાગે છે. તેમણે સરકારના એ નિવેદનનો વિરોધાભાસ દર્શાવ્યો જેમાં કહેવામાં આવ્યું હતું કે વાતચીત અને આતંકવાદ સાથે ન રહી શકે, છતાં પાકિસ્તાની મંત્રીની મહેમાનગતિ કરવામાં આવી રહી છે. NCP(SP)ના નેતા ક્લાઈડ ક્રાસ્ટોએ શાસક પક્ષ પર 'બેવડા ધોરણો' રાખવાનો અને પોતાની સુવિધા મુજબ વિદેશ નીતિ બદલવાનો આરોપ લગાવ્યો હતો. ભારત સરકાર અને રાજદ્વારી નિરીક્ષકોએ આ આમંત્રણને દ્વિપક્ષીય સંબંધોની પુનઃશરૂઆત તરીકે નહીં, પરંતુ માત્ર એક નિયમિત બહુપક્ષીય જવાબદારી તરીકે રજૂ કર્યું છે.

### ઓડિશામાં અકવાન...

પ્રતિ કલાકના વેગ સાથે ગોપાલપુર નજીક દક્ષિણ તટીય ઓડિશા અને ઉત્તર આંધ્રપ્રદેશને પાર કરી ગયું છે. લેન્ડફોલની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. હવામાન કચેરીએ તેના બપોરે ૧ વાગ્યાના બુલેટિનમાં જણાવ્યું હતું કે ચક્રવાતી તોફાન નબળું પડીને ડીપ ડિપ્રેશનમાં ફેરવાઈ ગયું છે, જેની સાથે દક્ષિણ તટીય ઓડિશામાં ૫૫-૬૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે, જે ૭૫ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. IMD ના ડીજી મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે, "દક્ષિણ ઓડિશામાં અત્યારે ભારે વરસાદ પડી રહ્યો છે અને ઉત્તર ભાગમાં પણ પાછળથી ભારે વરસાદ પડશે." તેમણે ઉમેર્યું હતું કે શનિવારથી વરસાદની તીવ્રતા ઘટશે. પુરીનું જગન્નાથ મંદિર ખુલ્લું રહ્યું હતું, પરંતુ તેના સત્તાવાળાઓએ ભક્તોને હવામાનની સલાહ મુજબ તેમની મુલાકાતનું આયોજન કરવા વિનંતી કરી હતી. જો કે, પુરીનું ગુંડિયા મંદિર ૧૯ થી ૨૧ નવેમ્બર સુધી મુલાકાતીઓ માટે બંધ રાખવામાં આવ્યું હતું. ભુવનેશ્વરમાં નંદનકાનન ઝૂઓલોજિકલ પાર્ક અને તેને અડીને આવેલ સ્ટેટ બોટનિકલ ગાર્ડન, કેન્દ્રપાડા જિલ્લામાં ભીતરકણિકા નેશનલ પાર્ક અને મયુરભંજનું સિમિલીપાલ ટાઇગર રિઝર્વ જેવા અન્ય પ્રવાસન સ્થળો પણ બંધ રાખવામાં આવ્યા હતા.

### ભારતીય વાયુસેના...

પર સવાલ ઉઠાવ્યા હતા. ગયા વર્ષે 'ઓપરેશન સિંદૂર'ના મહિનાઓ બાદ પ્રકાશિત થયેલા પોતાના અહેવાલમાં પણ ફ્લાઈટ૨૯લોબલે 35 સક્રિય રાફેલ દર્શાવ્યા હતા.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક આકરી પોસ્ટમાં એર માર્શલ તિવારીએ ફ્લાઈટ૨૯લોબલને તેના સ્ત્રોતોનું 'પુનઃમૂલ્યાંકન' કરવા જણાવ્યું હતું. તેમણે ધ્યાન દોર્યું હતું કે 'આ જ સ્ત્રોતોએ' અગાઉ ગયા વર્ષે પાકિસ્તાન સાથેના સંઘર્ષ દરમિયાન તોડી પાડવામાં આવેલા કથિત રાફેલ વિમાનોના ચોક્કસ ટેઈલ નંબરો આપ્યા હતા. તેમ છતાં, વાયુસેનાના ભૂતપૂર્વ વાઈસ-ચીફે જણાવ્યું હતું કે તે જ ટેઈલ નંબર ધરાવતા વિમાનો ત્યારથી વિવિધ આંતરરાષ્ટ્રીય કવાયતોમાં ભાગ લઈ રહ્યા છે. એર માર્શલે ભારતીય વાયુસેનાના પ્રથમ મહિલા રાફેલ પાયલટ સ્ક્વોડ્રન લીડર શિવાંગી સિંહના કિસ્સાને પણ યાદ કર્યો હતો, જેમને સંઘર્ષ દરમિયાન પકડી લેવામાં આવ્યા હોવાનો ખોટો દાવો પાકિસ્તાનના ઘણા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ દ્વારા કરવામાં આવ્યો હતો. અનેક પાકિસ્તાની અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે ત્રણ દિવસના સંઘર્ષ દરમિયાન તેમનું જેટ તોડી પાડવામાં આવ્યું હતું અને તેમને યુદ્ધકેદી બનાવવામાં આવ્યા હતા, જે દાવાને ભારતીય વાયુસેનાએ તે સમયે જ સ્પષ્ટપણે નકારી કાઢ્યો હતો.

### 'ગગનયાન'નું પ્રથમ...

સુરક્ષાને પ્રાથમિકતા આપવા માટે વધારાના સિમ્યુલેશન, વેલિડેશન કવાયત અને ટેકનિકલ મૂલ્યાંકન ચાલી રહ્યા છે, જેના કારણે અગાઉ ડિસેમ્બર 2026 માટે નક્કી કરાયેલું સમયપત્રક લંબાઈ શકે છે. હ્યુમન સ્પેસ ફ્લાઈટ સેન્ટર (એચએસએફસી) અને યુ.આર. રાવ સેટેલાઈટ સેન્ટર (યુઆરએસસી) ખાતે આશરે 80 ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે, પરંતુ અવકાશયાન અને લોન્ચ વ્હીકલને ઉડાન માટે મંજૂરી આપતા પહેલા કેટલીક મહત્વપૂર્ણ પ્રક્રિયાઓ હજુ બાકી છે. અગાઉ ઈસરોના ચેરમેન ડો. વી. નારાયણને સપ્ટેમ્બરમાં ઈઓએસ-05 સાથેના જીએસએલવી-એફ17ના સફળ પ્રક્ષેપણ બાદ 2026માં ગગનયાન સહિતના લોન્ચનો સંકેત આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ક્રૂ એસ્કેપ સિસ્ટમની પ્રગતિ થઈ છે, એન્વાયરમેન્ટલ કંટ્રોલ અને સેફ્ટી સિસ્ટમ અદ્યતન તબક્કામાં છે અને લગભગ 8,000 પરીક્ષણો પૂરા કરાયા છે. જાન્યુઆરી 2019માં મંજૂર થયેલા આ પ્રોજેક્ટમાં કોવિડ-19 મહામારી અને સપ્લાય ચેઈન અવરોધોને કારણે અગાઉ પણ સમયમર્યાદા બદલાઈ હતી, તેમજ ઓક્ટોબર 2024માં મિશન 3થી વધારીને 8 કરાયા હતા. પ્રથમ માનવરહિત G1 ફ્લાઈટમાં અર્ધ-હ્યુમનોઈડ રોબોટ વ્યોમમિત્ર મોકલીને એલવીએમ3 લોન્ચ વ્હીકલ, ક્રૂ મોડ્યુલ, લાઈફ-સપોર્ટ અને રિકવરી સિસ્ટમ ચકાસાશે, કારણ કે ભવિષ્યમાં અવકાશયાત્રીઓની સુરક્ષા આ જ પ્રણાલીઓ પર નિર્ભર રહેશે. માનવ જીવનની સુરક્ષાને ધ્યાનમાં રાખી ઈસરો સમયમર્યાદા કરતા વિશ્વસનીયતાને વધુ મહત્વ આપી રહ્યું છે.

### દાઉદ હજી પણ...

દાઉદ ફિલ્મ 'ધુરંધર'માં દર્શાવવામાં આવેલા નબળા અને વૃદ્ધ વ્યક્તિ કરતાં તદ્દન અલગ હતો. એક એક્સક્લુઝિવ પોડકાસ્ટમાં, સુદાન, ચાડ અને ઘાના જેવા સંઘર્ષગ્રસ્ત વિસ્તારોમાં FBI માટે કામ કરવાનો દાવો કરનાર ફરીદીએ જણાવ્યું હતું કે દાઉદ પાકિસ્તાનમાં ખૂબ જ સક્રિય છે અને તેની ડી-કંપની દ્વારા ગુનાખોરી અને ડ્રગ્સનું મજબૂત નેટવર્ક ચલાવવાનું ચાલુ રાખે છે. એક કલાકના આ પોડકાસ્ટમાં તેમણે 70 વર્ષીય ગેંગસ્ટરનું સ્પાય થ્રિલર ફિલ્મ 'ધુરંધર'માં બતાવવામાં આવેલા પાત્ર કરતાં સાવ અલગ જ ચિત્ર રજૂ કર્યું હતું. ફિલ્મમાં 'બડે સાબ' તરીકે ઓળખાતા દાઉદને ગંભીર રીતે બીમાર અને પથારીવશ બતાવવામાં આવ્યો છે. જોકે, દાઉદ સાથે પાર્ટીઓ અને બિઝનેસ મીટિંગ્સમાં હાજરી આપવાનો દાવો કરનાર ફરીદીએ કહ્યું કે વાસ્તવિકતા તદ્દન અલગ હતી. પાકિસ્તાની મૂળના અમેરિકન નાગરિકે ભારપૂર્વક જણાવ્યું હતું કે દાઉદ તેના નેટવર્કની કામગીરીમાં સક્રિયપણે સામેલ રહે છે અને ભારત તથા પાકિસ્તાનમાં ડ્રગ્સના વેપાર પર બારીકાઈથી નજર રાખે છે. તેમણે સ્વીકાર્યું કે પાકિસ્તાનના સુરક્ષા વર્તુળોમાં આ કુખ્યાત ડોનને 'બડે સાબ' અથવા 'બડે વાલે' તરીકે ઓળખવામાં આવે છે. ફરીદીએ એવો પણ દાવો કર્યો હતો કે ભારત-પાકિસ્તાન વચ્ચેના તાજેતરના તણાવ છતાં, દાઉદે કરાચીના અત્યંત સુરક્ષિત ક્લિફ્ટન વિસ્તારમાંથી પોતાનું રહેઠાણ બદલ્યું નથી. તેમણે કહ્યું કે વૈશ્વિક સ્તરે જાહેર કરાયેલો આ આતંકવાદી પરિવારના અન્ય સભ્યો સાથે આરામથી રહે છે. જો કે, જ્યારે પણ ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધે છે ત્યારે દાઉદ અલગ-અલગ સેફહાઉસ બદલતો રહે છે. તેમણે આવા ત્રણ છુપાવાના સ્થળો જાણતા હોવાનો દાવો કર્યો હતો, જેમાં એક ઈસ્લામાબાદમાં છે. ફરીદીએ જણાવ્યું કે દાઉદ દિવસ દરમિયાન બહાર નીકળતો નથી અને માત્ર રાત્રે 10 વાગ્યા પછી જ બહાર પગ મૂકે છે. તેમણે કહ્યું, "તે 'રાત કા બાદશાહ' છે. તે માત્ર રાત્રે 10 વાગ્યા પછી જ બહાર નીકળે છે, પરંતુ ફજરની નમાઝ પહેલા ઘરે પાછો ફરી જાય છે. તેની સુરક્ષા પણ અત્યંત ચુસ્ત છે, અને તેની રક્ષા પાકિસ્તાનના અત્યંત જોખમી સૈન્ય મિશનમાં નિષ્ણાત એવા ચુનંદા સ્પેશિયલ સર્વિસ ગ્રુપ(SSG) કમાન્ડો દ્વારા કરવામાં આવે છે. ફરીદીએ કહ્યું, "ચોવીસે કલાક આશરે 35-45 ગાર્ડ્સે તેની સુરક્ષા કરે છે. દરેક પાસે AK-47 સહિતના ઓટોમેટિક હથિયારો હોય છે."

## સુડોકુ, ક્રમાંક ૬૬૮૨


| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | ૬ | ૫ | | | ૨ | ૭ |
| | | | ૯ | ૩ | | | | |
| | ૯ | ૨ | ૮ | | | ૩ | ૫ | |
| ૯ | | | | | | ૫ | | ૮ |
| | | | ૪ | | | | ૩ | ૨ |
| | ૨ | ૮ | | ૧ | ૬ | ૪ | ૭ | ૯ |
| | ૪ | ૧ | | | | | | ૫ |
| ૨ | | ૫ | | ૬ | ૯ | ૭ | ૮ | ૪ |
| ૮ | | ૯ | | | ૫ | ૬ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

**ગઈકાલે-ક્રમાંક ૬૬૭૬ ફીંડરિ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૩ | ૫ | ૨ | ૮ | ૭ | ૧ | ૪ |
| ૪ | ૭ | ૫ | ૯ | ૧ | ૩ | ૮ | ૬ | ૨ |
| ૨ | ૧ | ૮ | ૭ | ૬ | ૪ | ૫ | ૯ | ૩ |
| ૫ | ૨ | ૬ | ૪ | ૯ | ૭ | ૩ | ૮ | ૧ |
| ૭ | ૩ | ૧ | ૮ | ૫ | ૨ | ૪ | ૬ | ૯ |
| ૮ | ૪ | ૯ | ૬ | ૩ | ૧ | ૨ | ૭ | ૫ |
| ૩ | ૫ | ૨ | ૧ | ૪ | ૬ | ૯ | ૭ | ૮ |
| ૯ | ૬ | ૪ | ૨ | ૭ | ૫ | ૧ | ૩ | ૧ |
| ૧ | ૮ | ૭ | ૩ | ૮ | ૯ | ૬ | ૪ | ૨ |

## શબ્દગુંફન - ૭૨૯૯ અરવિંદ એસ. મારૂ



**આડીચાવી**

૧. એક પક્ષી (૩)
૩. ખેડૂત (૩)
૫. ઉત્સવ, તહેવાર (૨)
૬. ૧૧ થી ૧૫ વર્ષનો છોકરો (૩)
૭. માતા, જનેતા (૩)
૮. બી, બીજ (૨)
૯. એક રૂપાળું પંખી (૩)
૧૦. અવાજ (૨)
૧૨. ઠીક, સારું (૨)
૧૩. પ્રસન્ન, ખુશ (૨)
૧૪. ભાઈ, બાંધવ (૨)
૧૫. ભપક